કેસ રજુ તા. ૧૩–૧૦–૨૫
દાખલ તા. ૧૩–૧૦–૨૫
ફેંસલ તા. ૧૦–૦૪–૨૬
અવધિઃ– <u>વર્ષ માસ દિવસ</u>
૦૦ ૦૫ ૨૮

**ગઢડાના મે. એડી. જ્યુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. ગઢડા, જી. બોટાદ.**

ફોજદારી કેસ નં. ૨૦૫૭/૨૫

આંક –

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–** પંકજભાઇ શામજીભાઇ વણોદીયા
ઉ.વ.આ. ૨૬, ધંધો–મજુરી
રહે. ગઢડા, ઉગામેડી રોડી, જુના રેલ્વે સ્ટેશનની પાસે,
તા.ગઢડા, જી.બોટાદ.

---

ફરીયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી – સંજયભાઇ આર.પટેલ.
આરોપીઓ તરફે વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રી – કે.પી. સુંધરવા

---

**–: ચુકાદો :–**

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે,

ગઈ તા.૧૭–૦૮–૨૦૨૫ ના રોજ કલાક ૦૯.૦૦ વાગ્યા દરમીયાન ઢસાગામ સીતળાપરા ખાતે આવેલ આ કામના ફરીયાદી રમેશભાઇ મનજીભાઇ રાજપરાના ભોળાનાથ સીમેન્ટ પાઇપ ઇન્ડસ્ટ્રીઝ માં તથા આ કામના સાહેદ પ્રવીણભાઇ ખોડાભાઇ પરમાનાઓનાં ઇંટોના ભઠ્ઠામાં આ કામના આરોપી પંકજભાઇ શામજીભાઇ વણોદીયા તથા આ કામના ચાર્જશીટના કોલમ નં. ૧૨(૧) તથા કોલમ નં. ૧૨(૨) માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ગુપ્ત પ્રવેશ કરી ભોળાનાથ સીમેન્ટ પાઇપ ઇન્ડસ્ટ્રીઝનાં હોજમાં ફીટ કરેલ સાડા સાત હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર નંગ–૧ જેની કિં. રૂા. ૧૦,૦૦૦/– તથા પાંચ હોર્સ પાવરની

ઈલેકટ્રીક મોટર નંગ–૧ જેની કિં.રૂા. ૧૦,૦૦૦/– તથા મશીનરી ચલાવવાની સાડા સાત હોર્સ પાવરની ઈલેકટ્રીક મોટર નંગ–૩ જેની કિ.રૂા. ૪૦,૦૦૦/– તથા પાંચ હોર્સ પાવરની ઈલેકટ્રીક મોટર નંગ–૧ કિં.રૂા. ૧૦,૦૦૦/–ત્રણ હોર્સ પાવરની ઈલેકટ્રીક મોટર નંગ–૩ જેની કિ.રૂા. ૧૫,૦૦૦/–તથા સીમેન્ટ પાઈપ બનાવવાની લોખંડની રીંગો નંગ–૫૦ જેની આશરે કિં.રૂા. ૭૫,૦૦૦/– ની તથા આ કામના સાહેદ પ્રવીણભાઈ ખોડાભાઈ પરમારનાઓના ઈંટોના ભઠ્ઠામાંથી ભઠ્ઠામાંથી પાંચ હોર્સ પાવરની ઈલેકટ્રીક મોટર કિં. રૂા. ૧૫,૦૦૦/– ની તથા માટી ફેરવવાનો ગેર જે લોખંડનો હોય છે જેનું વજન આશરે પંદરથી વીસ કિલો જેની કિ.રૂા.૫૦૦૦/– ની મળી કુલ કિ. રૂા. ૧,૮૦,૦૦૦/– ની વસ્તુઓની ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલો જે અંગેની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ નોંધાવેલી.

જે ગઢડા પો.સ્ટે.ના ગુના રજી. નં. ૧૧૧૯૦૦૦૩૨૫૦૩૧૮/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ– ૩૦૫(એ),૩૩૧(૩),૩૩૧(૪),૫૪ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીએ ગુનાની તપાસ દરમ્યાન જરૂરી પંચનામાઓ તૈયાર કરી, જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં ચાર્જશીટ દાખલ કરેલું.

**૨.)** સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઈ, આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસરની બજવણી થઈ ગયેલ છે. જે અન્વયે આરોપીઓ તેમના વિદ્વાન વકીલશ્રી મારફત હાજર થતાં આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વીનામુલ્યે પુરી પાડવામાં આવેલી.

ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ **આંક–૦૫** થી તહોમતનામુ ફરમાવી, તે તહોમતનામા સબબ આરોપીની **આંક–૦૬** થી પ્લી નોંધવામાં આવેલી. જેમાં આરોપીએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરી, પોતે ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

**૩.)** આ કામે ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**-: મૌખિક પુરાવાઓ :-**

| ક્રમ | આંક | નામ |
|---|---|---|
| **૧.** | ૦૮ | ફરીયાદી રમેશભાઇ મનજીભાઇ રાજપરાની જુબાની |
| **૨.** | ૧૦ | સાહેદ પ્રવિણભાઇ ખોડાભાઇ પરમારની જુબાની |

**-: દસ્તાવેજી પુરાવાઓ :-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| **૧.** | ૦૯ | ફરિયાદ |

**૪.)** ઉપરોક્ત પુરાવા બાદ વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું **આંક-૧૧ થી ક્લોઝીંગ પુરસીસ** રજુ કરેલ છે અને ફરીયાદીને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ હોવાનુ જણાવેલ છે.

ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવાની જરૂરીયાત જણાઇ આવતી ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫.)** ફરીયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષની હકીકતો મુજબની મૌખિક દલીલો કરેલી છે, જે ધ્યાને લીધી.

જ્યારે આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી કે.પી. સુંધરવાની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આરોપીઓએ ફરીયાદી રમેશભાઇ મનજીભાઇ રાજપરાના ભોળાનાથ સીમેન્ટ પાઇપ ઇન્ડસ્ટ્રીઝમાંથી કે આ કામના સાહેદ પ્રવીણભાઇ ખોડાભાઇ પરમાનાઓનાં ઇંટોના ભઠ્ઠામાંથી આ કામના આરોપી પંકજભાઇ શામજીભાઇ વણોદીયાનાઓએ કોઇપણ પ્રકારની ઇલેકટ્રીક મોટર કે સીમેન્ટ પાઇપ બનાવવાની લોખંડની રીંગો કે માટી ફેરવવાનો ગેર જે લોખંડનો હોય છે તેવી કોઇપણ વસ્તુની ચોરી કરેલ નથી. તેમજ ફરીયાદી અને સાહેદની જુબાનીમાં તેઓએ આરોપીઓને ચોરી કરતા જોયેલ નહી હોવાનું જણાવેલ છે. તેમજ

આ ચોરી કોણે કરેલી તેની તેઓને ખબર નથી કે પાછળથી પણ જાણવા મળેલ નહી.

હાલ તેઓને આરોપીઓ સાથે સમાધાન થઇ ગયેલ છે. આમ, હાલના આરોપીઓએ આ કામે કોઇ ગુનો આચરેલ નથી જેથી આરોપીઓને આ કામમાં તકસીરવાન ઠરાવી શકાય નહી અને તેઓને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલ છે.

૬.) ઉપરોકત ફરીયાદ, હકીકતો અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ગઇ તા.૧૭-૦૮-૨૦૨૫ ના રોજ કલાક ૦૯.૦૦ વાગ્યા દરમીયાન ઢસાગામ સીતળાપરા ખાતે આવેલ આ કામના ફરીયાદી રમેશભાઇ મનજીભાઇ રાજપરાના ભોળાનાથ સીમેન્ટ પાઇપ ઇન્ડસ્ટ્રીઝ માં તથા આ કામના સાહેદ પ્રવીણભાઇ ખોડાભાઇ પરમાનાઓનાં ઇંટોના ભઠ્ઠામાં આ કામના આરોપી પંકજભાઇ શામજીભાઇ વણોદીયા તથા આ કામના ચાર્જશીટના કોલમ નં. ૧૨(૧) તથા કોલમ નં. ૧૨(૨) માં જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે ગુપ્ત પ્રવેશ કરી ભોળાનાથ સીમેન્ટ પાઇપ ઇન્ડસ્ટ્રીઝનાં હોજમાં ફીટ કરેલ સાડા સાત હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર નંગ-૧ જેની કિં. રૂા. ૧૦,૦૦૦/- તથા પાંચ હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર નંગ-૧ જેની કિં.રૂા. ૧૦,૦૦૦/- તથા મશીનરી ચલાવવાની સાડા સાત હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર નંગ-૩ જેની કિ.રૂા. ૪૦,૦૦૦/- તથા પાંચ હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર નંગ-૧ કિં.રૂા. ૧૦,૦૦૦/-ત્રણ હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર નંગ-૩ જેની કિ.રૂા. ૧૫,૦૦૦/-તથા સીમેન્ટ પાઇપ બનાવવાની લોખંડની રીંગો નંગ-૫૦ જેની આશરે કિં.રૂા. ૭૫,૦૦૦/- ની તથા આ કામના સાહેદ પ્રવીણભાઇ ખોડાભાઇ પરમારનાઓના ઇંટોના ભઠ્ઠામાંથી ભઠ્ઠામાંથી પાંચ હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર કિં. રૂા. ૧૫,૦૦૦/- ની તથા માટી ફેરવવાનો ગેર જે લોખંડનો હોય છે જેનું વજન આશરે પંદરથી વીસ

કિલો જેની કિ.રૂા.૫૦૦૦/– ની મળી કુલ કિ. રૂા. ૧,૮૦,૦૦૦/– ની વસ્તુઓની ચોરી કરી બી.એન.એસ. કલમ– ૩૦૫(એ),૩૩૧(૩),૩૩૧(૪),૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

**૨.** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**<u>ફરીયાદીનો પુરાવોઃ–</u>**

**૭.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧ રમેશભાઇ મનજીભાઇ રાજપરાને આંક–૦૮ થી** તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા.૧૬–૦૮–૨૦૨૫ ના રોજ રાત્રિનાં આઠેક વાગે હું મારી ભોળાનાથ સિમેન્ટ પાઇપ ઇન્ડસ્ટ્રીઝથી મારા ઘરે ગયેલ અને તા. ૧૭.૦૮.૨૦૨૫ ના રોજ સવારના નવેક વાગ્યે હું પરત મારી ભોળાનાથ સીમેન્ટ પાઇપ ઇન્ડસ્ટ્રીઝ ખાતે આવેલ અને ત્યાં આવીને કારખાનામાં આંટો મારેલ તો કારખાનામાં પાણી કાઢવાની સાડા સાત હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર નંગ–૧ જેની કિં. રૂા. ૧૦,૦૦૦/– તથા તથા પાંચ હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર નંગ–૧ જેની કિં.રૂા. ૧૦,૦૦૦/– જે મોટર હોજમાં ફીટ કરેલ હતી તે મોટરો મળી આવેલ નહી અને મશીનરી ચલાવવાની સાડા સાત હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર નંગ–૩ જેની કિ.રૂા. ૪૦,૦૦૦/– તથા પાંચ હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર નંગ–૧ કિં.રૂા. ૧૦,૦૦૦/–તથા ત્રણ હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર નંગ–૩ જેની કિ.રૂા. ૧૫,૦૦૦/–તથા સીમેન્ટ પાઇપ બનાવવાની લોખંડની રીંગો નંગ–૫૦ જેની આશરે કિં.રૂા. ૭૫,૦૦૦/– ની કારખાનામાં મળી આવેલ નહી અને ચોરી થયેલાનું જણાય આવેલ જેથી મે આ વાત મારી સીમેન્ટ ઇન્ડસ્ટ્રીઝની બાજુમાં આવેલ ઇંટોના ભઠ્ઠાવાળા મારા મિત્ર પ્રવીણભાઇ ખોડાભાઇ પરમાનાઓને આ વત કરેલ તો પ્રવીણભાઇએ મને જણાવેલ કે, મારા ઇંટોના ભઠ્ઠામાંથી પાંચ હોર્સ પાવરની ઇલેકટ્રીક મોટર કિં. રૂા. ૧૫,૦૦૦/– ની તથા માટી ફેરવવાનો ગેર જે લોખંડનો હોય છે જેનું વજન આશરે

પંદરથી વીસ કિલો જેની કિ.રૂ.૫૦૦૦/– ની ચોરી થયેલ હોવાનું જણાવેલ જેથી, હું તથા પ્રવીણભાઇ બંને પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા ગયેલા. મને ફરીયાદ બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે આ કામે આંક–૯ થી રજુ થયેલ છે.

વધુમાં, ફરીયાદી જણાવે છે કે, મે આરોપીને જોયેલ નહી. અમારા પ્લાન્ટમાં ચોરી કોણે કરેલી તેની મને ખબર નથી કે પાછળથી પણ જાણવા મળેલ નહી.

<u>**સાહેદનો પુરાવોઃ–**</u>

૮.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૨ પ્રવીણભાઈ ખોડાભાઈ પરમારને આંક–૧૦ થી** તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા.૧૬–૦૮–૨૦૨૫ ના રોજ રાત્રિનાં આઠેક વાગ્યા સુધી હું મારા ઇંટોના ભઠ્ઠે હાજર હતો અને ત્યારબાદ હું મારા ઘરે ગયેલ અને ત્યારબાદ તા. ૧૭.૦૮.૨૦૨૫ ના રોજ સવારના આઠેક વાગ્યે હું મારા ઇંટોના ભઠ્ઠે ગયેલ અને ત્યાં જઇને જોયું તો મારા ઇંટોના ભઠ્ઠામાંથી પાંચ હોર્સ પાવરની ઈલેકટ્રીક મોટર કિં. રૂા. ૧૫,૦૦૦/– ની તથા માટી ફેરવવાનો ગેર જે લોખંડનો હોય છે જેનું વજન આશરે પંદરથી વીસ કિલો જેની કિ.રૂા.૫૦૦૦/– નું મળી આવેલ નહી અને ચોરી થયેલ હોવાનું જાણવા મળેલ અને હું મારા ઇંટોના ભઠ્ઠે હાજર હતો તયારે મારા ઇંટોના ભઠ્ઠાની બાજુમાં આવેલ ભોળાનાથ સિમેન્ટ પાઇપ ઇન્ડસ્ટ્રીઝના માલીક રમેશભાઈ મનજીભાઈ રાજપરાનાઓએ આવીને મને વાત કરેલ કે, ગઈ તા.૧૬–૦૮–૨૦૨૫ ના રોજ રાત્રિનાં આઠેક વાગે હું મારી ભોળાનાથ સિમેન્ટ પાઇપ ઇન્ડસ્ટ્રીઝથી મારા ઘરે ગયેલ અને તા. ૧૭.૦૮.૨૦૨૫ ના રોજ સવારના નવેક વાગ્યે હું પરત મારી ભોળાનાથ સીમેન્ટ પાઈપ ઇન્ડસ્ટ્રીઝ ખાતે આવેલ અને ત્યાં આવીને કારખાનામાં આંટો મારેલ તો કારખાનામાં પાણી કાઢવાની સાડા સાત હોર્સ પાવરની ઈલેકટ્રીક મોટર નંગ–૧ જેની કિં. રૂા. ૧૦,૦૦૦/– તથા તથા પાંચ હોર્સ પાવરની ઈલેકટ્રીક મોટર નંગ–૧ જેની કિં.રૂા. ૧૦,૦૦૦/– જે મોટર હોજમાં ફીટ કરેલ હતી તે મોટરો મળી આવેલ નહી અને મશીનરી ચલાવવાની સાડા સાત હોર્સ પાવરની ઈલેકટ્રીક મોટર નંગ–૩ જેની કિ.રૂા. ૪૦,૦૦૦/– તથા પાંચ હોર્સ પાવરની ઈલેકટ્રીક મોટર નંગ–૧ કિં.રૂા. ૧૦,૦૦૦/–તથા ત્રણ હોર્સ પાવરની ઈલેકટ્રીક મોટર નંગ–૩ જેની કિ.રૂા. ૧૫,૦૦૦/–તથા સીમેન્ટ પાઇપ બનાવવાની લોખંડની રીંગો નંગ–૫૦

જેની આશરે કિં.રૂા. ૭૫,૦૦૦/– ની કારખાનામાં મળી આવેલ નહી અને ચોરી થયેલાની વાત મને રમેશભાઇ રાજપરાનાઓએ કરેલ હતી અને અમો બંને આ બાબતે તપાસ કરેલ હતી અને આ બાબતે કાંઇ જાણવા નહી મળતા અમોએ ફરીયાદ કરવાનું નકકી કરેલ અને આ બાબતે રમેશભાઇ રાજપરાનાઓએ ફરીયાદ આપેલ છે. મે આરોપીઓને જોયેલ નહી. અમારા પ્લાન્ટમાંથી ચોરી કોણે કરેલી તેની મને ખબર નથી કે પાછળથી પણ જાણવા મળેલ નહી.

૦૯.) હાલના કામે **ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩** ની નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે.

**કલમ–૩૦૫(એ)** મુજબનો ગુનો કોઈ મકાન, તંબુ અથવા માણસોના રહેણાંક માટે વપરાતું અથવા મિલકત રાખવા માટે ઉપયોગમાં લેવાતું વહાણમાં ચોરી કરવાને લગતો છે. જે શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

(૧) આરોપીઓએ કોઈ મકાન, તંબુ અથવા માણસોના રહેણાંક માટે વપરાતું અથવા મિલકત રાખવા માટે ઉપયોગમાં લેવાતું વહાણમાં ચોરી કરેલી હોવી જોઇએ.

**કલમ–૩૩૧(૩)** મુજબનો ગુનો ગૃહ અપ–પ્રવેશ અથવા ઘરફોડને લગતો છે. જે શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

(૧) આરોપીઓએ ગુપ્ત ગૃહ અપ–પ્રવેશ કરેલ હોવો જોઇએ, અથવા

(૨) ઘરફોડ કરેલ હોવી જોઇએ, અને

(૩) કરવા ધારેલો ગુનો ચોરીનો હોવો જોઇએ.

**કલમ–૩૩૧(૪)** મુજબનો ગુનો ગૃહ અપ–પ્રવેશ અથવા ઘરફોડને લગતો છે. જે શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

(૧) આરોપીઓએ સુર્યાસ્ત પછી અને સુર્યોદય પહેલા ગુપ્ત ગૃહ

અપ–પ્રવેશ કરેલ હોવો જોઇએ,

અથવા

(૨) ઘરફોડ કરેલ હોવી જોઇએ, અને

(૩) કરવા ધારેલો ગુનો ચોરીનો હોવો જોઇએ.

**કલમ–૫૪** મુજબનો ગુનો, ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરીને લગતો છે. જે શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે.

(૧) આરોપી હાજર ન હોય અને તેણે કરેલ દુષ્પ્રેરણના પરીણામે જે કૃત્ય થયેલ હોય, અથવા

(૨) આવુ કૃત્ય તેમની હાજરીમાં થયેલ હોય.

જેથી આ તમામ સાહેદોની જુબાની ધ્યાને લઇએ તો બી.એન.એસ. કલમ– બી.એન.એસ. કલમ– ૩૦૫(એ),૩૩૧(૩),૩૩૧(૪),૫૪ બાબતે ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ સાહેદોની જુબાનીઓ તેમજ નિવેદનો ધ્યાને લઇએ તો, ફરીયાદપક્ષ આ કામના આરોપીએ કોઇ કોઇ ચોરી કરેલી હોય, ગુપ્ત ગૃહ પ્રવેશ કરેલ હોય, તેવું નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, તો આ કામના આરોપીઓએ કોઇ ગુપ્ત ગૃહ અપ–પ્રવેશ કરેલ હોય કે ચોરી કરેલી હોય તેવું હકીકત રેકર્ડ પર જણાઇ આવતું નથી. તેથી આ કામે બી.એન.એસ. કલમ– ૩૦૫(એ),૩૩૧(૩),૩૩૧(૪),૫૪ આરોપી સામે પુરવાર થતી નથી.

**૧૦.)** હાલ ફરીયાદપક્ષે તપાસેલા સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, તેઓ આ કામના મહત્વના સાહેદો હોવાછતાં તેઓના પુરાવા ઉપરથી આરોપીઓની સદરહુ ગુનામાં કોઇ સંડોવણી થતી હોવાનું જણાઇ આવતું નથી.

આ સંદર્ભે પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ ને ધ્યાને લેતાં તેમાં એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે, No Particular number of witnesses shall in any case be required for the proof of any fact.

નામદાર સુપ્રિમકોર્ટે Veer Singh Vs. State of U.P. –Cri. Appeal No. 256–257 of 2009, Dt.: 10–12–2013 માં ઠરાવેલ છે કે, ...

The weight and quality of Evidence are important rather than quantity Multiplicity or plurality of witness. Evidence must be weighted and not counted as per S. 134 of Evidence Act.

આમ, કેસના નિર્ણય માટે પુરાવાની ગુણવત્તા મહત્વની છે, નહી કે પુરાવાની સંખ્યા તેવું ઠરાવેલ છે. આજ સંદર્ભે **<u>૧૯૯૬(૨), કરન્ટ ક્રિમીનલ રીપોર્ટર, સતિષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન પાના નં. ૪ ના ચુકાદામાં</u>** નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે જજને ચોકકસપણે એમ લાગે કે, કેસના સંજોગોને ધ્યાને લેતાં કેસનો અંત સજામાં પરીણમશે નહી ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીઝર પુરી કરવા વેડફવો નહિ, જેથી આ કામે અન્ય સાહેદોને તપાસવામાં આવશે તો પણ કેસના ગુણદોષમાં કોઈ ફેરફાર થશે નહી.

**૧૧.)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો, કેસનું રેકર્ડ પ્રોસીડીંગ્સ, પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો વગેરે લક્ષમાં લેતાં, ફરીયાદીના પુરાવાથી આરોપીઓ વિરૂધ્ધની કંઇ પણ હકીકતો ફલીત થતી ન હોય તેમજ ફરીયાદીના પુરાવામાં આરોપીઓ વિરૂધ્ધની કંઇ પણ હકીકતો જણાવતાં ન હોય તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપતાં નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ સાબિત કરવામાં સફળ રહેલ નથી. તેમજ જ્યારે આ કામના ફરીયાદી એ આ કામના મહત્વના સાહેદ છે પરંતુ તેઓ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય ત્યારે દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**૧૨.)** આ સંજોગોમાં જ્યારે ફરીયાદપક્ષના પુરાવામાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેટલો મજબુત પુરાવો મળી આવેલો ન હોય અને આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાનું તહોમત પુરવાર થઇ શકે તેમ ન હોય, ત્યારે ફરીયાદપક્ષ આરોપી સામે આક્ષેપવામાં આવેલ તહોમત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, તેમજ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઇએ, જે તેણે આ કામે પુરવાર કરેલો ન હોય મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.)** આ કામના આરોપી પંકજભાઇ શામજીભાઇ વણોદીયાનાઓને ગઢડા

પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૩૨૫૦૩૧૮/૨૦૨૫ થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે બી.એન.એસ. કલમ– ૩૦૫(એ),૩૩૧(૩),૩૩૧(૪),૫૪ મુજબના ગુનાના કામના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** દરેક આરોપીના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ તેને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.)** આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ આરોપીને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૦ મી એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૧૦–૦૪–૨૦૨૬.
મુ. ગઢડા.

(રવિન્દ્રકુમાર)
એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
તા. ગઢડા, જી. બોટાદ.
(જી.જે. ००१७१३)

**HSP**